યથા ચિન્તામણિં દત્તે, બઠરો બદરીફલૈઃ
હહા જહાતિ સદ્ધર્મં, તથૈવ જનરંજનૈઃ 23-2

<u>શબ્દાર્થ</u>: યથા = જેમ; ચિન્તામણિં = ચિંતામણિ રત્ન; દત્તે = આપે છે; બઠરો = મૂર્ખ માણસ; બદરીફલૈઃ = બોરડીના ફળ - બોરના બદલામાં; હહા = અરેરે; જહાતિ = ત્યજે છે; સદ્ધર્મં = સદ્ધર્મને; તથૈવ = તેવી રીતે; જનરંજનૈઃ = જનરંજન કરવા વડે

<u>શ્લોકાર્થ</u>: જેમ મૂર્ખ માણસ બોરના બદલામાં ચિંતામણિ રત્ન આપી દે છે, તેમ (તેવી રીતે), અરેરે, મૂઢ માણસ લોકરંજન કરવા દ્વારા સદ્ધર્મને ત્યાગ દે છે.

<u>ભાવાર્થ</u>: એક વખત એક ભરવાડને બકરી ચરાવતાં રસ્તામાંથી એક રત્ન મળ્યું. કાચનો ટુકડો માનીને તેણે બકરીના ગળે બાંધી દીધો. પાછા ફરતા ગામમાં એક બોર વેચનારી બેઠી હતી. ભરવાડ (રબારી)ને બોર ખાવાનું મન થયું, પાસે પૈસા ન'તા, એટલે રત્ન આપીને બદલામાં બોર લીધાં. એટલામાં એક ઝવેરી ત્યાંથી પસાર થયો. તેણે થોડા પૈસા આપીને બોરવાળી પાસેથી રત્ન ખરીદી લીધું.

સસ્તી વસ્તુના બદલામાં મોંઘી વસ્તુ આપી દેવી એ નરી મૂર્ખતા છે. ધર્મ તો ચિંતામણિરત્ન કરતાં પણ મૂલ્યવાન છે. એ ગુમાવવાની મૂર્ખતા ન કરવી જોઈએ. પોતાની જાતને વારંવાર પૂછવું જોઈએ કે હે જીવ! તું નાનું મોટું તપ કરે છે ત્યારે લોકો પ્રશંસા કરે એવી તો ઈચ્છા નથી રાખતો ને? તું દાન આપે તો સમાજમાં તારી વાહ વાહ થાય એવી અપેક્ષા તો નથી રહેતી ને? તેં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય તો લોકોમાં જ્ઞાની તરીકે તારી વાહવાહ થાય તો તું રાજી થાય છે?

સદ્ધર્મના બદલામાં જો તું લોકપ્રશંસાની સ્પૃહા રાખે તો તારો સદ્ધર્મ વ્યર્થ જશે. લોકપ્રશંસાના પ્રવાહમાં તું તણાઈ જાય છે ત્યારે તારી આવશ્યક ક્રિયાઓની ભૂલ ન થાય તે જોવું જોઈએ.

સદ્ધર્મનું ફળ લોકપ્રશંસા નથી! સદ્ધર્મની આરાધના દ્વારા તમારે તમારા આત્માને નિઃસ્પૃહ બનાવવાનો છે. કર્મના બંધનો તોડવાના છે, આત્માને પરમાત્મા બનાવવાનો છે. મુનિ-મહાત્મા સંસાર પ્રત્યે ઉદાસીન હોય છે, લોકચાહના સાથે એમને નિસબત નથી હોતી. તેઓ અંતરથી ઈચ્છા-સ્પૃહા-અપેક્ષાથી રહિત હોય છે.

## 23-3 લોકસંજ્ઞાત્યાગ

લોકસંજ્ઞામહાનદ્યાં અનુસ્રોતોઽનુગા: ન કે
પ્રતિસ્રોતોઽનુગા: તુ એક:, રાજહંસ: મહામુનિ: 23-3

<u>શબ્દાર્થ</u>: લોકસંજ્ઞામહાનદ્યાં = લોકસંજ્ઞારૂપી મોટી નદીમાં, અનુસ્રોતોઽનુગા: = વહેતા પ્રવાહને અનુસરનારા, ન = નથી, કે = કોણ; પ્રતિસ્રોતોઽનુગા: = સામા પ્રવાહે તરનારા, તુ = તો, પરંતુ; એક: = એક, રાજહંસ: = રાજહંસ; મહામુનિ: = મહામુનિ

<u>શ્લોકાર્થ</u>: લોકસંજ્ઞારૂપી મોટી નદીના વહેતા પ્રવાહને અનુસરનારા કોણ નથી? પરંતુ સામા પ્રવાહે તરનારા રાજહંસ તો એક મહામુનિ છે.

<u>ભાવાર્થ</u>: લોકસંજ્ઞા એટલે લોકો કહે તેમ ચાલવું, લોકોની ઇચ્છાને અનુસરવું, લોકો <u>ખુશ થાય તેવો વ્યવહાર</u> કરવો. આ લોકસંજ્ઞા એ એક મોટી નદી છે. લોકપ્રવાહ રૂપ મહાનદીના પ્રવાહને અનુસરનારા કોણ નથી હોતા? વહેતી નદીના પ્રવાહની દિશામાં તરવા પડેલો માણસ કે તરતી હોડી ઝડપથી અંતર કાપે છે. સામે પ્રવાહે તરવું કે હોડી હંકારી જવી એમાં મોટો પુરુષાર્થ રહેલો છે.
સામાન્ય પક્ષી કે પ્રાણી જો પ્રવાહમાં પડે તો તે પ્રવાહ સાથે તણાય છે, પરંતુ રાજહંસ સામા પ્રવાહે સરળતાથી તરી શકે છે. મુનિ તો રાજહંસ છે. સંસારની દિશા અને મોક્ષપુરુષાર્થની દિશા જુદી છે. સામાન્ય માનવીઓ પોતાની સમજ પ્રમાણે પુરુષાર્થ કરે છે પણ એ ઊંધી દિશામાં હોય છે.

કેટલીકવાર સાધુઓ પણ લોકમાન્યતામાં ભૂલથી કે ઇરાદાપૂર્વક ભળી જાય છે. જે સાધુઓને સમાજની બહુ ગરજ હોય તે સાધુઓ વિપરીત વાતમાં પણ નમતું જોખે છે. પરંતુ જે સાચા મહામુનિ છે, એમને સમાજ પાસેથી કોઈ વસ્તુની અપેક્ષા હોતી નથી તેઓ પોતાના માર્ગમાં, પોતાની માન્યતામાં દૃઢ રહે છે. એમને ગોચરી સિવાય સમાજની કશી ગરજ નથી અને ગોચરી તો ગમે ત્યાંથી મળી રહેશે અને નહિ મળે તો તપશ્ચર્યા થશે તેવી દૃઢ શ્રદ્ધા હોય છે. તેઓ ખુશામતનાં વચન બોલતાં નથી. તેઓ તો પોતાની આત્મમસ્તીમાં લીન રહી શકે છે.

23-- લોકસંજ્ઞા ત્યાગ

લોકમાલમ્બ્ય કર્તવ્યં, કૃતં બહુભિરેવ ચેત્
તદા મિથ્યાદૃશાં ધર્મો, ન ત્યાજ્ય: સ્યાત્ કદાચન (23-૪)

<u>શબ્દાર્થ</u>: લોકં = લોકને, આલમ્બ્ય = અવલંબીને, કર્તવ્યં = કર્તવ્ય; કૃતં = કરેલું; બહુભિ: = ઘણા માણસો વડે; એવ = જ; ચેત્ = જો; તદા = તો, મિથ્યાદૃશાં = મિથ્યાદૃષ્ટિઓનો; ધર્મ: = ધર્મ; ન: = નહિ; ત્યાજ્ય: = ત્યજવા યોગ્ય; સ્યાત્ = હોય; કદાચન = કદી પણ

<u>શ્લોકાર્થ</u>: લોકોને અવલંબીને જો ઘણા માણસોએ જે કર્યું હોય તે જ કરવા યોગ્ય હોય તો મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ ક્યારેય ત્યજવા યોગ્ય ન હોય. (કારણકે તેઓ હંમેશા બહુમતીમાં જ હોય)

<u>ભાવાર્થ</u>: અનાદિ કાલથી અનંતકાલ સુધી મિથ્યાદૃષ્ટિ જીવોની જ સંખ્યા બહુ છે અને બહુ રહેવાની છે. હવે જો બહુમતિનો જ પક્ષ સ્વીકારવા યોગ્ય હોત તો ત્રણે કાલે તે જ ધર્મ કર્તવ્ય બને, ક્યારેય પણ તેનો ત્યાગ કરાય નહીં, પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તે ધર્મ કરનારાઓની સંખ્યા સદાકાલ બહુ હોય છે.
એક કાળે હજારોની મેદનીને પોતાના વાક્ચાતુર્યથી ડોલાવનારા સાધુ સંન્યાસીઓએ પછીથી ગૃહસ્થ વેશ અપનાવી લીધો હોય એવા દૃષ્ટાંતો છે. જંગી બહુમતિથી ચૂંટાઈ આવનાર રાજનેતા પછીથી જેલની સજા ભોગવતો હોય એવું બને છે. એટલે બહુમતી હંમેશા સાચી નીવડે એવું નથી. ધર્મના ક્ષેત્રમાં બહુમતીનો નિર્ણય હંમેશા સાચો જ હોય એવું નથી. દુનિયામાં જેટલા સમ્યગ્દૃષ્ટિ જીવો છે તેના કરતાં મિથ્યાદૃષ્ટિ જીવો વધુ જ રહેવાના. એટલે બહુમતીનો માપદંડ હંમેશા સાચો હોતો નથી. અધ્યાત્મના ક્ષેત્રે તો નહીં જ. જગતમાં મિથ્યાદર્શનો કેટલાં બધાં છે.! એ બધાનો સરવાળો કરીએ તો સદ્ધર્મ અલ્પમતમાં જ આવે.
સંસારના મોટા ભાગના જીવો પુદ્ગલાનંદી, ભવાભિનંદી છે અને રહેવાના છે. આર્ય કરતાં અનાર્ય લોકો વધુ રહેવાના અને આર્યમાં પણ જૈન ધર્મ આચરનારા થોડા અને જૈન ધર્મ આચરનારાઓમાં પણ જેમનામાં જૈન ધર્મ પરિણમેલો છે એવા મોક્ષાર્થી જીવો થોડા રહેવાનાં.
ક્યારેક સંયમરક્ષા અને આત્મરક્ષા માટે લોકોના અભિપ્રાયને અનુસરવામાં આવે તે લોકસંજ્ઞા નથી; પરંતુ આત્માને ભૂલીને માત્ર લોકરંજન માટે, લોકપ્રશંસા માટે, લોકોની રુચિને અનુસરવામાં આવે તે લોકસંજ્ઞા છે.

## ૨૩- લોકસંજ્ઞાત્યાગ

શ્રેયોઽર્થિનો હિ ભૂયાંસો, લોકે લોકોત્તરે ન ચ
સ્તોકા હિ રત્નવણિજઃ સ્તોકાશ્ચ સ્વાત્મસાધકાઃ (૨૩-૪)

શબ્દાર્થ: શ્રેયોઽર્થિનો = શ્રેયના, મોક્ષના અર્થી; હિ = ખરેખર; ભૂયાંસ = ઘણા; લોકે = લોકમાં, લોકમાર્ગમાં; લોકોત્તરે = લોકોત્તર માર્ગમાં; ન = નહિ; ચ = અને; સ્તોકાઃ = થોડા; હિ = વળી; રત્નવણિજઃ = રત્નના વેપારી; સ્વાત્મસાધકાઃ = પોતાના આત્માની સાધના કરનારા

શ્લોકાર્થ: ખરેખર મોક્ષના અર્થીઓ લોકમાર્ગમાં અને લોકોત્તર માર્ગમાં બહુ નથી, જેમ રત્નના વેપારી થોડા હોય છે તેમ પોતાના આત્માની સાધના કરનારા થોડા હોય છે.

ભાવાર્થ: સુખ બે જાતના છે એક લૌકિક અને બીજું લોકોત્તર. જો કે લૌકિક સુખ એ સુખ નથી, માત્ર સુખાભાસ છે છતાં મોહાન્ધ જીવો તેને સુખ માને છે. આવા પ્રકારનું લોકપ્રવાહમાં મનાતું સુખ છે તે સુખને ઇચ્છનારા, તે સુખ માટે નિરંતર પ્રયત્ન કરનારા, તે સુખ પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારના દુઃખો સહન કરનારા જીવો આ સંસારમાં ઘણા છે.
પરંતુ લોકોત્તર સુખ પ્રાપ્ત કરવામાં પ્રવર્તનારા જીવો હંમેશા થોડા હોય છે. આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવામાં પ્રયત્ન કરનારા જીવો સદા અલ્પ જ હોય છે.

આ સંસારમાં કરીયાણાના અને કાપડના વેપારી ઘણા હોય છે પરંતુ રત્નના વેપારીઓ અલ્પ જ હોય છે. તેવી જ રીતે સાંસારિક સુખ- પૌદ્ગલિક સુખ સાધનારા અર્થાત્ તો સુખની પાછળ ઘેલા બનેલા જીવો ઘણા હોય છે, પરંતુ પોતાના આત્માના ગુણોનું સુખ સાધનારા જીવો સદા અલ્પ હોય છે.

મોક્ષના સુખનો ખ્યાલ સામાન્ય લોકોને હોય નહિ. ઊલટું તેઓ પ્રશ્ન કરે કે મોક્ષમાં કશું કરવાનું ન હોય, ખાવાપીવાનું ન હોય, હરવા ફરવાનું ન હોય તો મઝા શું આવે? એક જ જગાએ કામધંધા વગર બેસી રહેવામાં કંટાળો ન આવે? પ્રમાદી ન થઈ જવાય? સંસારમાં તો ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવવાનો આનંદ કેટલો બધો છે. માનપાન મળે, પ્રશંસા થાય, કીર્તિ મળે, સંસારમાં તો બસ મઝા જ મઝા.

ભવાભિનંદી જીવોનું આવું લક્ષણ હોય છે.

# ૨૩: લોકસંજ્ઞાત્યાગ

લોકસંજ્ઞાહતા હન્ત નીચૈર્ગમનદર્શનૈઃ ।
શંસયન્તિ સ્વસત્યાંગ - મર્મઘાતમહાવ્યથામ્ ॥ (૨૩-૬)

શબ્દાર્થ: લોકસંજ્ઞાહતાઃ = લોકસંજ્ઞાથી હણાયેલા, હન્ત = અફસોસ છે કે, નીચૈર્ગમનદર્શનૈઃ = ધીમે ચાલવા અને નીચે જોવા વડે, શંસયન્તિ = જણાવે છે, સ્વસત્યાંગ = પોતાના સત્યરૂપી અંગમાં, મર્મઘાત = મર્મઘાતની, મહાવ્યથામ્ = મહાવ્યથાને

શ્લોકાર્થ: અફસોસ છે કે લોકસંજ્ઞાથી હણાયેલાઓ ધીમે ચાલવું, નીચે જોવું વગેરેથી પોતાના સત્યવ્રતરૂપી અંગમાં થયેલા મર્મપ્રહારની મહાવ્યથાને જણાવે છે.

ભાવાર્થ: જૈન સાધુ ઈર્યાસમિતિપૂર્વક ચાલે- કોઈ જીવની હિંસા, વિરાધના ન થઈ જાય એ માટે તેઓ પોતાની આગળ ચારપાંચ ડગલા ભૂમિ જોતા જોતા જયણાપૂર્વક ચાલે. તેઓ સામે, ઊંચે કે આડુંઅવળું જોતાં ન ચાલે. નીચું જોઈને ચાલવાને કારણે તેઓ થોડા વાંકા વળીને ચાલે. આવા મુનિઓની લોકો પ્રશંસા કરે છે.

પરંતુ લોકો પ્રશંસા કરે એ માટે નીચું જોઈને, સહેજ વાંકા વળીને, ધીમે ધીમે ચાલવું અને મનમાં ઈર્યાસમિતિનો, જીવદયાનો, જયણાનો જરા પણ ભાવ ન હોય તો એ માત્ર દંભ જ કહેવાય. આવા મુનિઓ, લોકો જ્યારે એમને જોતા હોય ત્યારે નીચું જોઈને ચાલે અને ન જોતાં હોય ત્યારે આડુંઅવળું જોતા ચાલે છે. મતલબ કે એમની ઈર્યાસમિતિ ફક્ત show કરવા માટે અને લોકચાહના મેળવવા માટે છે. પોતે કેવી ઊંચી કોટિના સાધુ છે એની છાપ પાડવા માટે છે. કહેવાની વાત છે કે આવા સાધુઓ, લોકસંજ્ઞાથી લોકપ્રશંસા મેળવવાના ભાવથી હણાયેલા હોય છે.

ઉપાધ્યાયજી કહે છે કે હે મુનિ! તમે વાંકા વળીને ચાલો છો એમાં તમારી ઈર્યાસમિતિ નથી પણ એવું લાગે છે કે જાણે તમારા સત્યાંગને મર્મઘાત થયો છે. એટલે એની મહાપીડાને, મહાવ્યથાને કારણે તમે વાંકા વળીને, નીચું જોઈને ધીમે ધીમે ચાલો છો.

ખરેખર તો લોકરંજનને કારણે તમે તમારા સત્યાંગને- તમારા સિદ્ધાંત, આચાર અને ધ્યેયને હણો છો. તમારું લક્ષ્ય તો આત્મસાધનાનું છે, પરંતુ લોકનિંદાના ભયે, લોકપ્રશંસા મેળવવા માટે તમે એ ધ્યેય ચૂકી જાઓ છો.

સાધુ જીવનમાં પણ લોકસંજ્ઞાથી કેવા કેવા દંભ આવે છે.!

## ૨૩ - લોકસંજ્ઞાત્યાગ

આત્મસાક્ષિક સદ્ધર્મ-સિદ્ધૌ કિં લોકયાત્રયા
તત્ર પ્રસન્નચન્દ્રશ્ચ ભરતશ્ચ નિદર્શને (૨૩-૭)

શબ્દાર્થ: આત્મસાક્ષિક = આત્મા સાક્ષી છે જેમાં, સદ્ધર્મસિદ્ધૌ = સત્ય ધર્મની સિદ્ધિ થતાં; લોકયાત્રયા = લોકવ્યવહારથી; તત્ર = તેમાં; પ્રસન્નચંદ્ર = પ્રસન્નચંદ્ર; ચ = અને; ભરત = ભરત; નિદર્શને = દૃષ્ટાન્ત

શ્લોકાર્થ: આત્મા સાક્ષી છે જેમાં એવા સત્યધર્મની પ્રાપ્તિ થતાં, લોકવ્યવહારનું શું કામ છે? આમાં પ્રસન્નચંદ્ર અને ભરતમહારાજના દૃષ્ટાંત છે.

ભાવાર્થ: જો પોતાના આત્માની સાક્ષીએ જ જિનમદધર્મ સિદ્ધ થયો હોય, ધર્મ કરવામાં જો પોતાના આત્માની સ્વાભાવિક પ્રસન્નતા હોય, અને ધર્મની સિદ્ધિ થવામાં જો પોતાનો આત્મા જ સાક્ષીભૂત હોય, તો પછી લોકવ્યવહારનું શું પ્રયોજન છે? લોકો પ્રશંસા કરે એવી ઇચ્છા એજ એક મોટો મોહ છે. આ જીવ બહારથી જ સારું સારું વર્તન કરવામાં અને અંતરશુદ્ધિ ન મેળવવામાં જ વધારે સાવધાન છે. હે જીવ! જો તેં પ્રાપ્ત કરેલી નિર્મળ શુદ્ધ ધર્મની સિદ્ધિ બીજાને દેખાડવાની શું જરૂર છે? ઉલટું બીજા જીવો પ્રશંસા કરશે તો તું ફરીથી અહંકારમાં આવશે અને તારું પતન થશે. માટે હે જીવ! તું લોકસંજ્ઞાનો ત્યાગ કર.

એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે લોકોનો માપદંડ સાધકોના બાહ્ય આચરણોને આધારે હોય છે. માણસના મનમાં અંદર ઉઠતા વિકલ્પો, વિચારો વગેરેની લોકોને ખબર નથી પડતી. બહારથી માણસ પોતાના બ્રહ્મચર્ય વ્રત માટે બહુ સાવધ હોય પણ અંતરમાં સ્ત્રીઓનો સહવાસ ગમતો હોય, કામભોગ ભોગવવાની લાલસા રહેતી હોય તો એ બ્રહ્મચર્યવ્રતનું પાલન લોકસાક્ષીએ થાય છે, આત્મસાક્ષીએ નહિ. માણસના મનના એક ખૂણામાં જે તરંગો ઉદ્ભવે છે એની બીજાને શી ખબર પડે?

મહોપાધ્યાય પૂ. યશોવિજયજીએ આ વાત સમજાવવા બે પરસ્પર ભિન્ન દૃષ્ટાંતો આપ્યા છે.— એક પ્રસન્નચંદ્ર રાજર્ષિનું અને બીજું ભરત મહારાજનું.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ દ્રવ્યલિંગી (દ્રવ્યથી સાધુ) અને ભરત મહારાજ ભાવલિંગી (ભાવ સાધુ) છે. પ્રસન્નચંદ્ર રાજપાટ છોડી દીક્ષિત થયા એટલે રાજર્ષિ કહેવાયા.

## 23 - લોકસંજ્ઞા ત્યાગ

તેઓ કેટલી ઘોર તપશ્ચર્યા કરતા હતા! એક પગે ઊભા રહી, બે હાથ ઊંચા કરી, સૂર્ય સામે દૃષ્ટિ કરી કાઉસગ્ગ ધ્યાનો કરતા હતા. શ્રેણિક મહારાજાએ ભગવાન મહાવીરને પૂછ્યું, 'પ્રભુ! પ્રસન્નચંદ્ર રાજર્ષિ આ ક્ષણે જો દેહ છોડે તો એમની કઈ ગતિ થાય?'
ભગવાને કહ્યું "સાતમી નરક".
શ્રેણિકને આશ્ચર્ય થયું. પણ ભગવાનની વાત સાચી હતી.
શ્રેણિક મહારાજાના સૈનિકો ત્યાંથી પસાર થતા હતા. તેઓ વાત કરતા હતા કે આ રાજર્ષિના પુત્રને મારી નાખીને એનું રાજ્ય એના કાકાએ પડાવી લેવાનું કાવતરું (Plan) કર્યું છે.
આ સાંભળીને પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ભયંકર રૌદ્ર ધ્યાન કર્યું. મનમાં જ યુદ્ધ આરંભાયું. હિંસાના ઘોર સરંજામ મનમાં ચાલવા લાગ્યાં. સાતમી નરકમાં જાય એવા ભારે કર્મ બાંધવા લાગ્યાં. આમ બાહ્ય દૃષ્ટિએ કાઉસગ્ગ ધ્યાનો કરેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિ તો ક્ષણે દેહ છોડે તો સાતમી નરકે જાય. જો કે પછી તત્ક્ષણ તેઓ પોતાની આત્મદશાનું ભાન થતાં મનમાં ભારે પશ્ચાતાપ કરી શુભ ધ્યાનમાં આવી ગયા, અને પછી આંતરંગ (Internal) પુરુષાર્થપૂર્વક શુક્લધ્યાનની શ્રેણીએ ચડ્યા અને તત્ક્ષણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

હવે ભરત ચક્રવર્તીનું દૃષ્ટાંત જોઈએ.
તેઓ શ્રેષ્ઠ વસ્ત્રાભૂષણ ધારણ કરી આરીસાભવનના આરીસા (Mirror)માં પોતાના રૂપને મુગ્ધભાવે જોઈ રહ્યા હતા. એવામાં એક આંગળીમાંથી રત્નજડિત વીંટી નીકળી ગઈ. આંગળીની શોભા ચાલી ગઈ. તેઓ વિચારમાં પડી ગયા. બીજા અલંકારો શરીર પરથી ઉતારતાં જણાયું કે પોતાના દેહની શોભા તો પરવસ્તુથી છે, પૌદ્ગલિક અલંકારોથી છે. શું ચૈતન્યની શોભા માટે પુદ્ગલની જરૂર પડે છે? તેઓ વિચારધારાએ ચડી ગયા. આત્મસ્વરૂપનું ચિંતન કરતાં કરતાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનની શ્રેણીએ ચડતા તત્ક્ષણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. બાહ્ય વેશે તેઓ ગૃહસ્થ હતા, પણ આત્મસાક્ષીએ સંસારથી વિરક્ત હતા. રાગ-દ્વેષથી પર થઈ ગયા હતા.

આત્મસાક્ષીએ જ ધર્મ કરવાના કારણે ક્યારેક સહજ રીતે લોકપ્રશંસા પ્રાપ્ત થાય એ જુદી વાત છે પણ લક્ષ્ય લોકચાહનાનું નહિ, પણ આત્મસાક્ષીએ મોક્ષપ્રાપ્તિનું જ રહેવું જોઈએ.

23: લોકસંજ્ઞાત્યાગ

લોકસંજ્ઞોજ્ઝિતઃ સાધુઃ પરબ્રહ્મસમાધિમાન્
સુખમાસ્તે ગતદ્રોહ - મમતામત્સરજ્વરઃ (23-8)

શબ્દાર્થ: લોકસંજ્ઞોજ્ઝિતઃ = લોકસંજ્ઞાથી રહિત, સાધુઃ = સાધુ; પરબ્રહ્મસમાધિમાન્ = પરબ્રહ્મમાં સમાધિવાળા, સુખમાસ્તે = સુખમ્ + આસ્તે = સુખમાં રહે છે; ગતદ્રોહમમતા મત્સર જ્વરઃ = દ્રોહ, મમતા, મત્સરરૂપી જ્વર જેમના ગયા છે એવા

શ્લોકાર્થ: લોકસંજ્ઞાથી મુક્ત, પરબ્રહ્મમાં સમાધિવાળા, અને જેમના દ્રોહ, મમતા અને મત્સરરૂપી જ્વર ગયા છે એવા મુનિ સુખેથી રહે છે.

ભાવાર્થ: જે મુનિ લોકસંજ્ઞાથી રહિત હોય છે તેઓ સાચું સુખ અનુભવે છે. જેમની લોકસંજ્ઞા ચાલી જાય છે તેમને મમતા પીડતી નથી. અહં અને મમં નો ભાવ રહેતો નથી. વ્યક્તિ અને પદાર્થ માટેની આસક્તિ નીકળી જાય છે, તેઓને દ્રોહ કરવાની, સાધુના વેશનો વટાવી ખાવાની, જિનેશ્વર ભગવાનની આજ્ઞાનો ભંગ કરવાની, કોઈના વિશ્વાસનો ઘાત કરવાની, કોઈના પર અપકાર કરવાની વૃત્તિ રહેતી નથી. કોઈના ગુણનો દ્વેષ કરવાની, મત્સરની વૃત્તિ પણ ચાલી જાય છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાથી તેમનું જીવન સભર હોય છે.
આવા મહાત્માઓ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિરતારૂપી સમાધિવાળા હોય છે તેઓ આત્મજ્ઞાની છે અને લોકોત્તર સુખ અનુભવે છે. આવા મહાત્માઓ 17 પ્રકારના સંયમમાં લીન હોય છે.
મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ [પાંચ] આશ્રવોથી વિરામ પામે છે.
સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ એમ [પાંચ] ઇંદ્રિયોનો નિગ્રહ કરે છે.
ક્રોધ, માન, માયા અને લોભ એમ [ચાર] કષાયો ઉપર વિજય મેળવે છે.
મન, વચન, અને કાયાની એમ [ત્રણ] પ્રકારની અશુભ પ્રવૃત્તિ ને રોકે છે.
આમ 17 પ્રકારે સંયમમાં તેઓ લીન હોય છે.
મુનિ મહાત્માઓએ પોતાના સંસારી સ્વજનો પ્રત્યે મમતા ન રહેવી જોઈએ. એમના યોગ-ક્ષેમની ચિંતા ન કરવી જોઈએ.

23 - લોકસંજ્ઞાત્યાગ

પોતાના શિષ્યો, ભક્તો, પોતાની પ્રેરણાથી બંધાયેલા મંદિર, ઉપાશ્રય વગેરે માટે, ગ્રંથો, ઉપકરણો વગેરે માટે પણ મમતા ન રાખવી જોઈએ. અરે! પોતાની નવકારવાળી માટે પણ આગ્રહ ન રાખવો જોઈએ.

પોતાના કરતાં ઓછા ગુણવાળી વ્યક્તિ આગળ વધી જાય, એને માનપાન મળે, એની સમાજમાં કદર થાય તો માણસમાં મત્સર, ગુણદ્વેષ જન્મે છે. પછી એ માણસ બીજાના દોષો બતાવી એની નિંદા કરવા લાગે છે.
આરાધકોએ અને મુનિમહારાજઓએ આ મત્સર ભાવથી પર રહેવું જોઈએ.

વસ્તુપાળ મંત્રીની શિખામણ નીચેની પંક્તિમાં સમજવા જેવી છે.
સદ્‌વૃત્તાનાં ગુણગણકથા, દોષવાદે ચ મૌનં !

સજ્જનોના ગુણોની કથા કરવી અર્થાત્ ગુણો કહેવા પણ તેમના દોષો માટે હંમેશા મૌન સેવવું.

લોકસંજ્ઞાના ત્યાગી મહાત્માઓ પોતાના આત્મસ્વરૂપમાં મગ્નતાનું સુખ અનુભવે છે. ક્યારેક પૂર્વબદ્ધ શુભકર્મના ઉદયથી પોતાને ઇન્દ્રિયસુખ પ્રાપ્ત થાય તો આ સુખ કડવું લાગવું જોઈએ. હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે આ સુખ જેમ પોતાનું ઘર બળવાથી પ્રકાશ મળે એના જેવું લાગવું જોઈએ. અંધારામાં પ્રકાશ મેળવવા માટે કોઈ પોતાનું ઘર બાળવાની ઇચ્છા ન કરે.